Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યકિતઓ માટે સંદેશો

**Celebrating 100 issues of The Beacon and 25 years of process safety collaboration through CCPS.**

# ચાલો ભુલી જઈએ !

ફેબ્રુઆરી – ૨૦૧૦,૧૦૦મો અંક



રાષ્ટ્રપ્રમુખ કેનેડીની હત્યા પહેલાંના દ્રશ્યો



યુનાઈટેડ ફ્લાઈટ ૯૩નો ફ્યુઝલેગનો એક ટુકડો ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના રોજ



ટેક્સાસ સીટી રીફાઈનરીના ધડાકા પછીનું કારમુ દ્રશ્ય તા. ૨૩ માર્ચ ૨૦૦૫

આ બધી તારીખોમાં શુ સામ્ય છે ? ૭ ડીસેમ્બર ૧૯૪૧, ૨૨ નવેમ્બર ૧૯૬૩, ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ આ બધી તારીખો અમેરીકામાં રહેતા બધાં જ વ્યકિતઓને હંમેશાં યાદ રહેશે. દુર્ભાગ્યે આ બધી દુ:ખદ ઘટનાઓ હતી. પર્લના બંદર ઉપરનો હુમલો, રાષ્ટ્રપ્રમુખ કેનેડીની જાન લેવાની ઘટના અને ન્યુયોર્કમાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર ઉપરનો ત્રાસવાદી હુમલો. આ બધી તારીખો આપણે અમેરીકામાં યાદ રાખીએ છીએ. તમારા દેશમાં અને સંસ્કૃતિમાં તારીખો અને ઘટનાઓ કદાચ અલગ હશે અને ઉપર જણાવેલ ઘટના કદાચ ઓછી યાદગાર હશે. – આમ પણ, દુનિયાના ઘણા બધા દેશોમાં ડીસેમ્બર ૧૯૪૧ પહેલાં ઘણાં વર્ષોથી યુધ્ધ ચાલતું હતું અને બીજા ઘણા દેશોમાં મોટા ત્રાસવાદી હુમલા થતા હતા. તમારા દેશની અગત્યની તારીખો અને તમે એને કેમ યાદ રાખો છો તે વિશે વિચારો.

૨૦ જુલાઈ ૧૯૬૯ શું છે ? તમને આ દિવસ યાદ છે ? આજ દિસસે પ્રથમ માનવે ચંદ્ર ઉપર પગ મુક્યો હતો. આ ઈતિહાસનો ખુબ જ ગૌરવપૂર્ણ દિન હતો પરંતુ તે બહુ યાદ રહેતો નથી. કેમકે મનોવૈજ્ઞાનિક રીતે આપણને દુ:ખદાયક ઘટનાઓ સુખદાયક ઘટના કરતાં વધારે યાદ રહે છે. દુ:ખદાયક ઘટનાઓ આપણને દુ:ખ આપે છે. અથવા તો કંઈક ખોવાની ભાવના આપે છે છતાં આપણે તેને લાંબા સમય સુધી યાદ રાખીએ છીએ.

આ જ બાબત ગંભીર પ્રક્રિયા દુર્ઘટના માટે લાગુ પડે છે, આવતા મહિને, ટેક્સાસ રીફાઈનરીના ધડાકાની દુર્ઘટનાને પાંચ વર્ષ પૂર્ણ થશે જેમાં ૧૫ વ્યકિતઓ મુત્યુ પામી અને ૧૮૦ લોકોને ઈજા પહોંચી હતી. બધી કંપનીઓના ઈતિહાસમાં ગંભીર દુર્ઘટનાને હંમેશાં યાદ રખાય છે. આ ઘટનાઓને દર વર્ષે ઉજવાય છે ? લગભગ નહીં, પણ તેનું મહત્ત્વ એટલુ હોય છે જેટલી નવી સફળ પ્રોડકટનું જાહેર કરવું, આ દુર્ઘટનાને યાદ કરવુ ખૂબ દુ:ખદાયક અનુભવ છે, ખાસ કરીને જેમણે પોતાના નજીકના મિત્રો અને સાથી ખોયા હોય, પરંતુ આ આપણે યાદ રાખવુ જ રહ્યું. જેના કારણે આપણે આવી ભયંકર દુર્ઘટના ફરીથી ન બને તેવુ કરી શકીએ.

## શું તમો જાણો છો ?

•પ્રક્રિયા કારખાનાઓની સંસ્કૃતિ આખી દુનિયામાં એક સરખી જ છે, જે નિર્ભર છે આપણા દ્વારા ચલાવાતાં કારખાનાના પ્રકાર પર તથા આપણા દ્વારા વપરાતાં પદાર્થોના જોખમ અને પ્રક્રિયાના વપરાશ પર. આ સમાન સંસ્કૃતિથી દેશોની ભૌગોલિક દિવાલો પાર થાય છે. ઘણા એવા દિવસો આપણા ઈતિહાસમાં છે જે આપણે ક્યારેય ભુલી શકીએ નહીં. આમાંના બે વિશે આપણે નવેમ્બર અને ડીસેમ્બર ૨૦૦૯ ના બેકનમાં વાત કરી – ૧૯ નવેમ્બર ૧૯૮૪ (મેક્સીકો સીટીના એલ.પી.જી. ટર્મીનલમાં આગ અને ધડાકો) અને ૩ ડીસેમ્બર, ૧૯૮૪ (ભોપાલ, ભારત – ઝેરી ગેસ ગળતર).

•એમ દેખાય છે કે માણસો તેમના ભુતકાળમાંથી કોઈપણ બોધ લેતાં નથી. – નોર્મન બોર્લંગ, અમેરિકન વનસ્પતિશાસ્ત્રી અને ૧૯૭૦ ના નોબલ પ્રાઈઝ વિજેતા જેને આ ઈનામ તેના દુનિયાના ખાદ્ય પુરવઠા બાબતના સંશોધનના ભાગ રૂપે મળ્યુ હતુ.

•"આપણે આ ક્ષણમાં જીવીએ છીએ, અને ભવિષ્યના સપના જોઈએ છીએ પરંતુ આપણે ભુતકાળમાંથી શાશ્વત સત્ય શીખી શકીએ છીએ." – મેડમ ચીઆંગ કાઈ-શેક

## તમો શું કરી શકો ?

•વરીષ્ઠ કામદારોને ભુતકાળની દુર્ઘટના વિશે પૂછો, જેમાં કદાચ મોટો ધડાકો સામેલ ન હોય પરંતુ પ્રક્રિયામાં થયેલ ઉલટપુલટ જેનાથી અકસ્માત થયો હોય અથવા તો પ્રક્રિયા અચાનક બંધ થવાથી ગુણવત્તામાં કે ઓપરેશનમાં મોટો પ્રોબ્લેમ થયો હોય.

•ભુતકાળમાં બનેલા અકસ્માતોનો રેકોર્ડ રાખો અને એવી જગ્યાએ સાચવો, જેથી તે જરૂરીઆત વખતે મળી આવે.

•આવા અકસ્માત વિશે તમારા પ્લાન્ટમાં આવતા નવા માણસો ને સમજાવો, પ્લાન્ટના કામદારથી લઈને પ્લાન્ટ મેનેજર સુધી, જેનાથી બધા જ આ અકસ્માતમાંથી કશુંક શીખી શકે.

•પ્રક્રિયા જોખમનું પૃથ્થકરણ કરતી વખતે ભુતકાળની લોગબુકનો તથા બીજા જોખમનો રીવ્યુ કરો જેથી બધાને યાદ રહે કે શું થઈ શકે છે ?

•બેકન વાંચો અને સમજો જેનાથી અન્યત્ર થયેલ અકસ્માત વિશે જાણકારી મેળવી તમે એ ખાત્રી કરી શકો કે આ પ્રકારની દુર્ઘટના તમારી સાથે ન બને.

**" આ દુનિયામાં નવુ કશું જ નથી સિવાય કે જે ઈતિહાસ વિશે તમે જાણતા નથી "**
**- હેરી એસ. ટ્રુમેન, અમેરીકી રાષ્ટ્રપ્રમુખ**

AIChE © 2010. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

The Beacon is usually available in Afrikaans, Arabic, Chinese, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Hungarian, Indonesian, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Russian, Spanish, Swedish, Tamil, Thai, Telugu, Turkish, Urdu, and Vietnamese.